ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ ના નિયમ-૨૩ ની જોગવાઈ હેઠળ તાકીદના સંજોગોમાં ખાનગી હૉસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારના ખર્ચને સરકારી/સરકારી હૉસ્પિટલ સમકક્ષ હૉસ્પિટલના ધોરણે ખર્ચ મજરે આપવા બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએજી-૧૦૨૦૧૫-૬૦૧/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૦.૦૮.૨૦૧૬

**વંચાણે લીધાઃ-**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪/૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૨૦૦૩/ ૨૭૧૨/અ.

**ઠરાવ :**

ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ ઉક્ત વંચાણે લીધા (૧)થી અમલમાં આવેલ છે. આ નવા નિયમો અમલમાં આવ્યા પહેલાં ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૧૯૮૮ અમલમાં હતા. જેમાં, તાકીદના સંજોગોમાં દર્દીને જીવન-મરણનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોય, તેવા સંજોગોમાં આ વિભાગના તા.૨૬/૧૦/૨૦૦૫ના ઠરાવની જોગવાઈ અને ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૧૯૮૮ના નિયમ-૧૫(૬) હેઠળ ગંભીર રોગોમાં કીડની, કેન્સર, હૃદય અને મગજના રોગોમાં ખાનગી હૉસ્પિટલમાં લીધેલ સારવારના કુલ ખર્ચ પૈકી સરકારી/સરકાર માન્ય હૉસ્પિટલના ધોરણે "ખાસ કિસ્સા" તરીકે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને આપવામાં આવેલ સત્તા અન્વયે રીઅમ્બર્સમેન્ટને પાત્ર ખર્ચ મંજુર કરવામાં આવતો હતો. તે લાભો નવા નિયમો અમલમાં આવતાં બંધ થયેલ છે. તેથી, ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ના નિયમ-૨૩ હેઠળ તાકીદના સંજોગોમાં ખાનગી હૉસ્પિટલમાં અંદરના દર્દી તરીકે લીધેલ સારવારનો ખર્ચ "ખાસ કિસ્સા" તરીકે સરકારી/સરકારી હૉસ્પિટલ સમકક્ષ હૉસ્પિટલના ધોરણે ખર્ચ મજરે આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે ગંભીર પ્રકારના રોગો જેવા કે કીડની અને લીવરના રોગો, કેન્સર, હૃદય અને મગજના રોગો, ગંભીર અકસ્માતના કિસ્સામાં, દર્દીનાં જીવન-મરણનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોય, તેવા તાકીદના સંજોગોમાં ખાનગી હૉસ્પિટલમાં અંદરના દર્દી તરીકે લીધેલ સારવારનો કુલ ખર્ચ પૈકી નીચે દર્શાવેલ સરકારી/સરકારી હૉસ્પિટલ સમકક્ષ હૉસ્પિટલમાં સારવાર લેતાં જે ખર્ચ થાત, તે ખર્ચના ધોરણે ખર્ચ મજરે મળવાપાત્ર રહેશે.

(૧) યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ.
(હૃદય રોગ માટે)

(૨) ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (એમ.પી.શાહ કેન્સર હૉસ્પિટલ), અમદાવાદ
(કેન્સર રોગ માટે)

(૩) ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ.
(કીડની અને લીવરના રોગો માટે)

(૪) શેઠશ્રી વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદ.
(મગજના રોગો અને ગંભીર અકસ્માતના કિસ્સામાં)

૩. અસાધારણ સંજોગોમાં કીડની, કેન્સર, હૃદય, લીવર, મગજના રોગો અને ગંભીર અકસ્માતના કિસ્સામાં અંદરના દર્દી તરીકે ખાનગી હૉસ્પિટલમાં સારવાર મેળવેલ હશે તો, તે અંગે થયેલ ખર્ચને ગુજરાત રાજ્ય સેવા (ત.સા.) નિયમો, ૨૦૧૫ના નિયમ-૨૩ની જોગવાઈ હેઠળ, કેસના ગુણદોષને ધ્યાને લઈ, અમાન્ય દવાઓ સિવાયનો ખર્ચ "ખાસ

ફિસ્સા" તરીકે મંજુર કરવાની વિચારણા કરવાની થાય તો ઉકત પેરા-(૨) માં દર્શાવેલ સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલો (સરકારી અનુદાન મેળવતી સ્વાયત્ત સંસ્થાઓ)ના દરે રીઅમ્બર્સમેન્ટને પાત્ર ખર્ચની ગણતરી કરી, અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરે આપેલ અભિપ્રાય અનુસાર મળવાપાત્ર ખર્ચ મંજુરી/નામંજુરી અંગે સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાનો રહેશે.

૪. આ હુકમનો અમલ ઠરાવ બહાર પાડયાની તારીખથી કરવાનો રહેશે.

૫. આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૫.૦૭.૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એલ.પટેલ)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,
- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય-સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- આ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- વિભાગીય નાયબ નિયામકશ્રી, ગાંધીનગર, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત.
- નાણા સલાહકારશ્રી(આરોગ્ય) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સહ-સીવીલ સર્જનશ્રીઓ.
- સરકારી મેડીકલ કોલેજના ડીનશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર, રાજકોટ.
- સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર, રાજકોટ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- માહિતી નિયામકશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સેકશન અધિકારીશ્રી, ચ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- વિભાગના સીસ્ટમ મેનેજર ...ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવા માટે.
- પસંદગી ફાઈલ.